# કોર્ટોને ઉડાવી દેવાની ધમકીમાં બે ચેન્નાઈથી ઝબ્બે

**ટ્રેનમાં** નવું ઈ-મેઈલ બનાવી, હોટલો અને વાઈ-ફાઈ બદલતા રહ્યા છતાં ૪૮ કલાકમાં પોલીસના સકંજામાં

અમદાવાદ,તા.7: ગુજરાત હાઈકોર્ટ અને સુરત સેશન્સ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેઈલથી ખળભળાટ મચાવનાર બે આરોપીઓને અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચ અને સુરત ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરી માત્ર ગણતરીના ૪૮ કલાકમાં તમિલનાડુના ચેન્નઈથી ઝડપી પાડ્યા છે. ૫ સપ્ટેમ્બરના રોજ ગુજરાત હાઈકોર્ટના ઈ-મેઈલ પર બોમ્બ વિસ્ફોટની ધમકી આપ્યા બાદ પોલીસે ઈ-મેઈલ સાથે સંકળાયેલા તકનીકી પુરાવા, ડિજિટલ માહિતી અને માનવીય બાતમીના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોતાની ઓળખ અને વાસ્તવિક સ્થળ છુપાવવા માટે આરોપીઓએ અલગ ઈ-મેઈલ, અન્ય વ્યક્તિના નામે નોંધાયેલા મોબાઈલ અને સીમકાર્ડ, વિવિધ વાઈ-ફાઈ નેટવર્ક તથા પ્રોક્સીનો ઉપયોગ કર્યો હોવા છતાં પોલીસ ટીમે તેમનું પગેરું મેળવી ચેન્નઈમાં બંનેને ઝડપી પાડ્યા હતા.

## કોર્ટની કાર્યવાહીથી બચવા ધમકીનું કાવતરું

આ સમગ્ર કાવતરાનો મુખ્ય હેતુ પોતાની સામે ચાલી રહેલી કાયદેસરની કાર્યવાહીથી બચવાનો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ૫ સપ્ટેમ્બરના રોજ મહોમદઅસ્ફાકની સુરત સેશન્સ કોર્ટમાં ટ્રાયલની મુદત હતી અને તે કોર્ટમાં હાજર રહેતો ન હતો. અગાઉ તેની જામીન અરજી પણ નામંજૂર થઈ હતી. કોર્ટમાં હાજરી આપવાની પરિસ્થિતિમાંથી છટકવા તેમજ પોલીસ અને કોર્ટની કાર્યવાહીમાં વિક્ષેપ ઊભો કરવા માટે બંનેએ ભેગા મળી ધમકીભર્યો ઈ-મેઈલ મોકલ્યો હોવાનું તપાસમાં જણાયું છે.

## તકનિકી ચાલાકી છતાં પોલીસના હાથે ઝડપાયા

આરોપીઓએ અલગ-અલગ ઈ-મેઈલ આઈડી, અન્ય વ્યક્તિના નામે નોંધાયેલા મોબાઈલ અને સીમકાર્ડ, વિવિધ વાઈ-ફાઈ નેટવર્ક, પ્રોક્સી સહિતનાં માધ્યમોનો ઉપયોગ કરીને ડિજિટલ પગેરું ટાળવાનો પ્રયાસ કર્યો હતો. કેટલાક સ્થળે નેટવર્ક અને રોકાણની જગ્યા બદલવાની સાથે ચાલતી ટ્રેનમાંથી પણ ઈ-મેઈલ મોકલવાની રીત અપનાવવામાં આવી હતી. જોકે સાયબર ક્રાઈમ બ્રાન્ચે ઈ-મેઈલ સંબંધિત તકનીકી ડેટાનું વિશ્લેષણ, તકનીકી સર્વેલન્સ અને માનવીય બાતમીના આધારે તપાસ આગળ ધપાવી બંને આરોપીઓનું ચોક્કસ પગેરું મેળવ્યું હતું અને માત્ર ૪૮ કલાકમાં ચેન્નઈથી તેમની ધરપકડ કરી હતી.

પોલીસ તપાસમાં ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે મુખ્ય આરોપી મહોમદઅસ્ફાક મહોમદઅસલમ અંસારી અગાઉ સુરત ડીસીબી પોલીસ સ્ટેશનના એનડીપીએસના ગુનામાં જેલમાં બંધ હતો. જામીન ન મળતાં તે પેરોલ પર બહાર આવ્યો હતો, પરંતુ પેરોલની મુદત પૂર્ણ થયા બાદ જેલમાં પરત હાજર થવાને બદલે આશરે નવ મહિનાથી ફરાર હતો.

બીજી તરફ તેનો સાથીદાર રાજેશ ઉર્ફે રાજ મિકેલ મુનિયા પણ અગાઉ લાજપોર જેલમાં તેની સાથે સંપર્કમાં આવ્યો હતો. તપાસ મુજબ બંને ચેન્નઈમાં રોકાયા હતા અને ત્યાંથી પોતાની ઓળખ છુપાવી પોલીસને ગેરમાર્ગે દોરવા માટે ધમકીભર્યો ઈ-મેઈલ મોકલવાનું કાવતરું ઘડ્યું હતું.

## બે મિનિટના અંતરે બે ધમકીભર્યા ઈ-મેઈલ

૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧:૫૭ અને ૧૧:૫૯ વાગ્યે અજાણ્યા ઈ-મેઈલ આઈડી પરથી ગુજરાત હાઈકોર્ટના ઈ-મેઈલ સરનામા પર ધમકીભર્યા સંદેશા મોકલવામાં આવ્યા હતા. ઈ-મેઈલમાં અમદાવાદ અને સુરત કોર્ટમાં બોમ્બ વિસ્ફોટ કરવાની ધમકી આપવામાં આવી હતી. આ ઈ-મેઈલ બાદ અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા તથા માહિતી પ્રૌદ્યોગિકી અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## એનડીપીએસના ગુનાનો પણ ગુનાહિત ઇતિહાસ

પોલીસના રેકોર્ડ મુજબ મુખ્ય આરોપી મહોમદઅસ્ફાક અગાઉ સુરત ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસના ગુનામાં ઝડપાયો હતો. આ કેસમાં તેની પાસેથી ૫૧૨ ગ્રામ હાઇબ્રિડ ગાંજો મળી આવ્યો હતો અને તે આશરે દોઢ વર્ષ જેલમાં રહ્યો હતો. પેરોલ પર છૂટ્યા બાદ તે પરત જેલમાં હાજર થયો ન હતો. સહઆરોપી રાજેશ ઉર્ફે રાજ પણ અગાઉ એનડીપીએસના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે અને તેના કબજામાંથી ૧૦૦.૨૬૦ ગ્રામ મેફેડ્રોન મળી આવ્યું હોવાનું પોલીસ રેકોર્ડમાં નોંધાયું છે. ગુજરાત હાઈકોર્ટ અને સુરત સેશન્સ કોર્ટને ધમકી આપનાર આરોપીઓએ પોતાની ઓળખ અને લોકેશન છુપાવવા માટે ટેકનિકલ સાધનોનો ઉપયોગ કર્યો હોવા છતાં પોલીસની ડિજિટલ તપાસ સામે તેમનું કાવતરું ૪૮ કલાકમાં જ ખુલ્લું પડી ગયું હતું.

## મુંબઈ-ચેન્નઈ ટ્રેનમાં ઈ-મેઈલ આઈડી બનાવ્યું

પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓએ પોતાની ઓળખ અને વાસ્તવિક સ્થળ છુપાવવા માટે અગાઉથી આયોજન કર્યું હતું. મહોમદઅસ્ફાકે મુંબઈથી ચેન્નઈ જતી ટ્રેનમાં મુસાફરી દરમિયાન નવું ઈ-મેઈલ આઈડી બનાવ્યું હતું. ચેન્નઈ પહોંચ્યા બાદ બંને અલગ-અલગ હોટલોમાં રોકાતા અને વારંવાર હોટલો બદલતા રહ્યા હતા. ધમકીભર્યો ઈ-મેઈલ મોકલતી વખતે વિવિધ વાઈ-ફાઈ નેટવર્ક અને પ્રોક્સી જેવા તકનીકી માધ્યમોનો ઉપયોગ કરીને વાસ્તવિક આઈપી સરનામું અને લોકેશન છુપાવવાનો પ્રયાસ કર્યો હતો.

## અમદાવાદમાં રિક્ષાચાલકોની હડતાળથી મુસાફરોને મુશ્કેલી




■ અમદાવાદમાં 3 દિવસ ઓટોરિક્ષા ચાલકોએ હડતાળ પાડી છે. કાલુપુર અમદાવાદ રેલવે સ્ટેશન પર આવતા મુસાફરોને તકલીફ ન પડે તે માટેટે પોલીસ અને તંત્ર દ્વારા બસની વ્યવસ્થા કરવામાં આવી છે. તો બીજી તરફ મેમનગર પાસે રિક્ષાચાલકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

**નિફ્ટ ગાંધીનગરના પદવીદાન સમારોહમાં ૨૫૮ વિદ્યાર્થીઓને પદવી એનાયત**

# વૈશ્વિક દષ્ટિકોણ રાખો, પરંતુ ભારતના સાંસ્કૃતિક મૂળ સાથે જોડાયેલા રહો: રાષ્ટ્રપતિ

**ફેશન** અને ટેક્સટાઇલ ક્ષેત્રે પરંપરા, નવીનતા અને ટકાઉપણાને સાથે લઈને આગળ વધવા આહવાન

ગાંધીનગર: નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી, ગાંધીનગર ખાતે ૨૦૨૬નો પદવીદાન સમારોહ યોજાયો હતો, જેમાં વિવિધ સાત અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસક્રમના કુલ ૨૫૮ વિદ્યાર્થીને પદવી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નીફ્ટના પદવીધારકોને વૈશ્વિક દષ્ટિકોણ સાથે આગળ વધવા, પરંતુ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક અને કારીગરીની પરંપરાઓ સાથે મજબૂત રીતે જોડાયેલા રહેવા આહવાન કર્યું હતું. રાષ્ટ્રપતિએ ભારતના કાપડ અને વસ્ત્ર ક્ષેત્રના મહત્ત્વને રેખાંકિત કરતાં જણાવ્યું હતું કે આ ક્ષેત્ર દેશના સાંસ્કૃતિક વારસાનું જતન કરવા ઉપરાંત લાખો લોકોની આજીવિકા સાથે જોડાયેલું છે. તેમણે પરંપરાગત વણકરો અને કારીગરોને પ્રોત્સાહન આપવાની તથા નવી પેઢીને ભારતની સમૃદ્ધ કલા-કારીગરીની પરંપરાને ગૌરવ અને આત્મવિશ્વાસ સાથે આગળ વધારવા પ્રેરિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

## સાત વિદ્યાશાખાના ૨૫૮ વિદ્યાર્થી પદવીધારક બન્યા

ગાંધીનગર કેમ્પસના પદવીદાન સમારોહમાં ફેશન સંદેશાવ્યવહારના ૪૫, એક્સેસરી ડિઝાઇનના ૪૧, ફેશન ડિઝાઇનના ૩૮, ફેશન મેનેજમેન્ટના ૩૭, ડિઝાઇન-સ્પેસના માસ્ટર અભ્યાસક્રમના ૩૫, કાપડ ડિઝાઇનના 33 અને ફેશન ટેકનોલોજીના ૨૯ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. નીફ્ટ ગાંધીનગરના નિયામક પ્રો. ડો. સમીર સૂદે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ ડિઝાઇન, ટેકનોલોજી, કલા-કારીગરી, ટકાઉપણું, સંશોધન, નવીનતા, સંદેશાવ્યવહાર અને ઉદ્યોગલક્ષી અભિગમને સાંકળતા આંતરશાખાકીય શિક્ષણ દ્વારા પોતાના અભ્યાસક્રમો પૂર્ણ કર્યા છે.

## આશિષ મિશ્રાને રાષ્ટ્રીય સ્તરે સુવર્ણ ચંદ્રક

ગાંધીનગર કેમ્પસ માટે ગૌરવપૂર્ણ સિદ્ધિરૂપે ડિઝાઇન-સ્પેસના માસ્ટર અભ્યાસક્રમના વિદ્યાર્થી આશિષ કામતા પ્રસાદ મિશ્રાને તમામ નીફ્ટ કેમ્પસમાં પોતાના અભ્યાસક્રમમાં શ્રેષ્ઠ શૈક્ષણિક પ્રદર્શન બદલ પ્રતિષ્ઠિત સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. નવી દિલ્હીમાં યોજાયેલા નીફ્ટના સંયુક્ત પદવીદાન સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે તેમને આ સન્માન આપવામાં આવ્યું હતું.

**ગોવામાં પશ્ચિમ ઝોનલ કાઉન્સિલની ૨૮મી બેઠક યોજાઈ**

# સહકારી સંઘવાદથી વિકાસને નવી ગતિ પ્રાપ્ત થઈ: ભૂપેન્દ્ર પટેલ

**ગુજરાતે** 'ગોબર ધન' યોજનાની સફળતાને શ્રેષ્ઠ પ્રથા તરીકે રજૂ કરી

ગાંધીનગર: કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને ગોવામાં પશ્ચિમ ઝોનલ કાઉન્સિલની ૨૮મી બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મહારાષ્ટ્ર અને ગોવાના મુખ્યમંત્રીઓ તથા દીવ-દમણ-દાદરા અને નગર હવેલીના પ્રશાસક સહભાગી થયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વિકાસ માટે 'સહકારી સંઘવાદ'નો મંત્ર અપનાવ્યો હોવાનું જણાવતાં, રાજ્યો વચ્ચે પરસ્પર સહકાર, સંકલન અને સંવાદની મજબૂત પરંપરા વિકસાવવામાં પશ્ચિમ ઝોનલ કાઉન્સિલની મહત્વપૂર્ણ ભૂમિકા હોવાનું જણાવ્યું હતું.

## 'કચરામાંથી કંચન'નો ગુજરાતનો સફળ પ્રયોગ

બેઠકમાં શ્રેષ્ઠ પ્રથા રજૂ કરવાના ભાગરૂપે ગુજરાતે 'ગોબર ધન યોજના'ની સફળતા રજૂ કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ગોબર ધન યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૪,૭૪૫ ગ્રામ્ય પરિવારોને ઘરેલુ બાયોગેસ પ્લાન્ટનો લાભ મળ્યો છે. ઘરેલુ બાયોગેસ પ્લાન્ટના ઉપયોગથી બળતણ પાછળના ખર્ચમાં વાર્ષિક રૂ.૩૬.૮૬ કરોડની બચત થઈ રહી છે. આ ઉપરાંત દર વર્ષે ૧૨,૮૦૦ મેટ્રિક ટનથી વધુ કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો નોંધાયો છે. બાયોગેસ પ્લાન્ટમાંથી મળતી બાયો સ્લરીનો ઉપયોગ ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે થઈ રહ્યો છે. તેના કારણે રાસાયણિક ખાતરના ઉપયોગમાં ઘટાડો લાવવા સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ટકાઉ ખેતીને વેગ મળી રહ્યો છે.

## ૧૧૨ સેવા, ઝડપી ન્યાય અને પોષણ ક્ષેત્રની કામગીરી પણ રજૂ

બેઠકમાં મુખ્યમંત્રીએ ગુજરાતની અન્ય શ્રેષ્ઠ કામગીરીઓની પણ રજૂઆત કરી હતી. તેમાં કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક મદદ પહોંચાડતી ૧૧૨ સેવા, જાતીય અપરાધ જેવા ગંભીર ગુનાઓમાં ઝડપી ન્યાય માટે કાર્યરત ઝડપી અદાલતો, માતા અને શિશુના પોષણ માટેની વ્યવસ્થાઓ તેમજ ગ્રામ્ય વિસ્તારો સુધી સહકારી ક્ષેત્રના વ્યાપને વધુ વિસ્તૃત કરવાની કામગીરીનો સમાવેશ થાય છે.

# પીઆઈબી અમદાવાદની કમાન હવે સિદ્ધાર્થ બોડકેના હાથમાં

**આઈઆઈએસના** ૨૦૦૮ બેચના અધિકારી બોડકેને જાહેર સંચાર અને મીડિયા ક્ષેત્રે બહોળો અનુભવ

**સરકાર,** મીડિયા અને જનતા વચ્ચે સંચાર વધુ મજબૂત બનાવવા ભાર

અમદાવાદ: ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસના ૨૦૦૮ બેચના અધિકારી સિદ્ધાર્થ બોડકેએ આજે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, અમદાવાદના એડિશનલ ડાયરેક્ટર જનરલ તરીકે પદભાર સંભાળ્યો છે. જાહેર સંચાર અને મીડિયા સંબંધિત કામગીરીનો બહોળો અનુભવ ધરાવતા બોડકે અગાઉ દૂરદર્શન કેન્દ્ર મુંબઈ, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો દિલ્હી અને દૂરદર્શન ન્યૂઝ દિલ્હી ખાતે વિવિધ જવાબદારીઓ નિભાવી ચૂક્યા છે. ઈન્ડિયન ઈન્ફોર્મેશન સર્વિસમાં તેમની કારકિર્દી દરમિયાન તેમણે પ્રસારણ, મીડિયા વ્યવસ્થાપન અને જાહેર સંચારના વિવિધ પાસાં સાથે કામગીરી કરી છે.

બોડકેએ બદલાતા સંચાર પરિદૃશ્યને ધ્યાનમાં રાખીને ઉભરતાં સંચાર માધ્યમો અને પ્લેટફોર્મનો અસરકારક ઉપયોગ કરવા તેમજ સમાજના વિવિધ વર્ગો સુધી માહિતીની પહોંચ વધુ વ્યાપક બનાવવાની જરૂરિયાત પણ વ્યક્ત કરી હતી. તેમણે વ્યાવસાયિકતા અને જાહેર સેવાના ઉચ્ચતમ ધોરણો જાળવીને પીઆઈબીની કામગીરીને વધુ અસરકારક બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

પીઆઈબી અમદાવાદની ટીમે નવા એડિશનલ ડાયરેક્ટર જનરલનું સ્વાગત કરી ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં બ્યુરોની મીડિયા પહોંચ તથા સંચારલક્ષી પ્રયાસોને વધુ મજબૂત બનાવવા તેમના નેતૃત્વ હેઠળ કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# MBBS-BDS પ્રવેશના બીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ શરૂ, ૨,૨૧૨ બેઠકો પર પ્રવેશ

**૧૬,૧૯૬** વિદ્યાર્થીઓ મેરિટમાં સામેલ, MBBSની ૧,૫૮૭ અને BDSની ૬૨૫ બેઠક ઉપલબ્ધ, કલોલની અનન્યા કોલેજમાં ૫૦ નવી MBBS બેઠકનો પણ સમાવેશ

ગાંધીનગર,તા.7 : ગુજરાતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે સ્નાતક તબીબી અને દંત ચિકિત્સા અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડ માટેની ઓનલાઈન ચોઈસ ફિલિંગ ૭ સપ્ટેમ્બરથી શરૂ થઈ છે અને ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યા સુધી ચાલુ રહેશે. પ્રથમ રાઉન્ડ બાદ સુધારેલી કામચલાઉ મેરિટ યાદીમાં વધુ ૨૩૪ લાયક વિદ્યાર્થીઓનો ઉમેરો થતાં હવે કુલ ૧૬,૧૯૬ વિદ્યાર્થીઓ મેરિટમાં સામેલ થયા છે. બીજા રાઉન્ડમાં કુલ ૨,૨૧૨ ખાલી બેઠકો પર પ્રવેશ ફાળવણી કરવામાં આવશે, જેમાં તબીબી અભ્યાસક્રમની ૧,૫૮૭ બેઠકો અને દંત ચિકિત્સા અભ્યાસક્રમની ૬૨૫ બેઠકોનો સમાવેશ થાય છે. કલોલની અનન્યા કોલેજ ઓફ મેડિસિન એન્ડ રિસર્ચમાં તબીબી અભ્યાસક્રમ માટે મંજૂર થયેલી ૫૦ નવી બેઠકો પણ આ રાઉન્ડમાં પ્રવેશ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# ગુણવત્તા, પારદર્શકતા માટે અનાજ ખરીદી AI ટેક્નોલોજીથી

**ખરીફ** માર્કેટિંગ સિઝન ૨૦૨૫-૨૬માં પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ, મહિસાગર, આણંદ અને પંચમહાલના ૧૦ ખરીદ કેન્દ્રો પર એઆઈ આધારિત અનાજ વિશ્લેષકનો ઉપયોગ

ગાંધીનગર: ગુજરાતમાં લઘુત્તમ ટેકાના ભાવ હેઠળ અનાજની ખરીદી અને જાહેર વિતરણ વ્યવસ્થામાં ગુણવત્તા તથા પારદર્શકતાને વધુ મજબૂત બનાવવા માટે કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. ખરિફ માર્કેટિંગ સીઝન ૨૦૨૫-૨૬માં ડાંગરની ખરીદી અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ, મહિસાગર, આણંદ અને પંચમહાલ જિલ્લાના ૧૦ ખરીદ કેન્દ્રો પર એઆઈ આધારિત અનાજ વિશ્લેષક મુકવામાં આવ્યા છે. આ વ્યવસ્થા હેઠળ અત્યાર સુધીમાં કુલ ૬,૧૯૧ ડાંગરના નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે, જેમાં ૩,૩૭૯ નમૂનાઓ એટલે કે ૫૪.૬ ટકા શ્રેષ્ઠ કક્ષા અને ૨,૮૧૨ નમૂનાઓ એટલે કે ૪૫.૪ ટકા સામાન્ય કક્ષાના હોવાનું સામે આવ્યું છે, જ્યારે ૩૪૧ નમૂનાઓ નકારી કાઢવામાં આવ્યા છે. આ પાયલોટ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ અનાજની ગુણવત્તા ચકાસણીમાં ટેકનોલોજીનો ઉપયોગ વધારીને ખરીદી પ્રક્રિયાને વધુ ચોક્કસ, પારદર્શક અને વિશ્વસનીય બનાવવાનો છે.

## ભેજથી માંડીને દાણાની ખામી સુધીની ચકાસણી

એઆઈ આધારિત મશીન દ્વારા ડાંગરના નમૂનામાં રહેલી વિદેશી ભેળસેળ, ક્ષતિગ્રસ્ત અથવા રંગ બદલાયેલા દાણા, અપરિપક્વ કે સંકોચાયેલા દાણા, અન્ય દાણાની ભેળસેળ તેમજ ભેજનું ચોક્કસ પ્રમાણ ચકાસવામાં આવે છે. અત્યાર સુધીના આંકડા મુજબ ધોળકા ખરીદ કેન્દ્ર પર સૌથી વધુ ૨૪ ટકા નમૂનાઓ નકારવામાં આવ્યા છે, જ્યારે વિરમગામ ખાતે નકારાયેલા નમૂનાઓનું પ્રમાણ શૂન્ય ટકા રહ્યું છે. આ મશીનના સંચાલન માટે સતત વીજ પુરવઠો અને દરેક કેન્દ્ર પર એક વ્યક્તિની જરૂર પડે છે. બીજી તરફ, નિગમની હાલની તૃતીય પક્ષ પદ્ધતિમાં બે વ્યક્તિઓ વૈજ્ઞાનિક સાધનોની મદદથી વીજળી વિના પણ નમૂના લેવાની અને ગુણવત્તા ચકાસવાની કામગીરી કરે છે.

## FSSAI કરતાં પણ કડક ગુણવત્તા માપદંડ

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ઘઉં, ચોખા, ડાંગર, બાજરી, જુવાર, રાગી, તુવેરદાળ, ચણા, સિંગતેલ, ડબલ ફોર્ટિફાઇડ મીઠું અને સફેદ ખાંડ જેવી વિવિધ જણસીઓની ખરીદી તથા વિતરણ કરવામાં આવે છે. ઘઉં અને ચોખાની ખરીદી ભારતીય ખાદ્ય નિગમના ધારાધોરણો મુજબ, જ્યારે લઘુત્તમ ટેકાના ભાવ હેઠળના અનાજની ખરીદી કેન્દ્ર સરકારની એકસમાન ગુણવત્તા વિશિષ્ટતાઓ મુજબ કરવામાં આવે છે. તુવેરદાળ, ચણા, ખાદ્યતેલ અને ખાંડ માટે ભારતીય માનક તથા ડબલ ફોર્ટિફાઇડ મીઠા માટેના ધોરણો ઉપરાંત નિગમ દ્વારા પોતાના વધુ કડક ગુણવત્તા માપદંડો નક્કી કરવામાં આવ્યા છે, જેથી ગુણવત્તામાં કોઈ બાંધછોડ ન થાય.

## ૧૦ કેન્દ્ર પર ૧૩,૩૩૪ નોંધણી

પાયલોટ પ્રોજેક્ટ હેઠળ મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે ૨,૨૭૮ અને સંતરામપુર ખાતે ૧,૨૪૬, આણંદ જિલ્લાના ખંભાત ખાતે ૨,૬૬૩ અને બોરસદ ખાતે ૮૮૪, અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે ૧,૦૦૦, બાવળા ખાતે ૯૦૯, વિરમગામ ખાતે ૧,૦૭૮ અને સાણંદ ખાતે ૧,૨૮૮, જ્યારે પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે ૯૮૬ અને શહેરા ખાતે ૧,૦૦૨ મળીને કુલ ૧૩,૩૩૪ નોંધણી થઈ છે. આ કેન્દ્રો પર મુકાયેલા એઆઈ આધારિત અનાજ વિશ્લેષક દ્વારા ડાંગરના નમૂનાઓની ગુણવત્તા અંગે વિવિધ પરિમાણોનું ઝડપી અને ચોક્કસ પૃથક્કરણ કરવામાં આવી રહ્યું છે.

## સુડોકુ ૯૯૩૨ 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૫ | ૪ | | | |
| | | | ૬ | | ૯ | ૭ | ૮ | ૪ |
| | | ૪ | | | ૩ | ૯ | ૨ | |
| | ૩ | ૮ | ૨ | | | ૪ | | |
| ૯ | | | | | | | | |
| ૪ | ૧ | | | ૩ | ૭ | ૮ | ૫ | ૨ |
| | ૭ | ૨ | | ૯ | | | ૧ | |
| | | | ૫ | ૮ | ૨ | | | |
| ૫ | | | ૩ | ૭ | ૧ | | ૪ | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### કર્ણનાદ - tinnitus

કાનમાં સતત થાતો અવાજ અતિ તકલીફ આપે છે. રોજ સવારે સાત દાણા સફેદ મરી એક ચમચી ઘી સાથે, હુંફાળા પાણીથી ગળી લો . એક માસ પ્રયોગ ચાલુ રાખો.

## આજનું પંચાંગ

**તા. 08/09/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** વદ: બારસ:14:44- મંગલા ગૌરી પૂજન
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા:17
**યોગ :** પરિઘ **કરણ:** ગર
**નક્ષત્ર :** પુષ્ય:16:40 પછી આશ્લેષામાં જન્મેલાની શાંતિ કરાવવી
**રાશિ:** કર્ક (ડ,હ,)
**દિવસ :** સામાન્ય- ભોમપ્રદોષ- પર્યુષણ પર્વારંભ- ચતુર્થી પક્ષ જૈન
**સુરતમાં સૂર્યોદય :** 06:25 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:48
**નવકારસી :** 07:13
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 25મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ અવલ માસનો 25મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ,
**રાહુ કાળ :** બપોરે : 15.00થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** કામનો બોજ સતાવે. બહારના કામમાં મદદ મળે. વેપાર-ધંધામાં આવક વધે. જીવન સાથીનો સાથ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** સરકારી કામમાં મદદ મળે. નોકરીમાં નવી તક ઊભી થાય. સહકર્મી મિત્રો વગેરેની મદદથી અટકેલા કામ પૂર્ણ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** વાદ-વિવાદ ટાળવો. માનસિક અશાંતિ સતાવશે. પારીવારિક પ્રશ્નો સતાવે. આર્થિક બાબતે ધીરજ રાખવી.

**કર્ક (ડ,હ,):** પોતાના વિચારો બીજા પર નાખવાની કોશિષ કરવી નહી. વિરોધનો સામનો કરો પડશે. નોકરી-ધંધામાં નવી તક મળે.

**સિંહ (મ,ટ,):** માનસિક પીડા વધે. સંતાનોથી અશાંતિ પેદા થાય. આરોગ્ય નરમ રહે. પ્રવાસમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** નવા રોકાણમાં માર્ગદર્શન લેવુ. પ્રેમમાં વિશ્વાસ વધે. મિત્રોનો સાથ મળે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** અટકેલો કામ થાય. નવા ફેરફારથી અનુકુળતા વધે. સંપત્તિ બાબતે નવા રોકાણથાય. ધંધામાં આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** જીવન સાથીનો સાથ મળે. ધર્મ-કર્મ થાય. બૌદ્ધિક લોકોની સલાહ મળે. વિદેશના કામમાં ગતિ આવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પડવા-વાગવાથી સાવધાન રહેવુ. સ્વાર્થી લોકો અને ઊપરી વર્ગથી નુકસાન થઈ શકે છે. ગુપ્ત ભય સતાવે.

**મકર (ખ,જ,):** નોકરી-ધંધામાં અનુકુળતા રહે. નવી નોકરીની તક મળે. સમાજમાં માન વધે. અચાનક આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** હરીફોથી સાવધાન, સરકારી નોકરીની ઈચ્છા હકારાત્મક બને. નવી જવાબદારીથી પ્રભાવ વધે. ખર્ચા વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** શુભ સમાચાર મળે. સંતાનોની પ્રગતિ થાય. શેર બજારમાં લાભ થાય. પ્રેમમાં અનુકુળતા વધશે.

## કોઈ પણ સાલમાં 08 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષનો અનુભવ વધારશે. નોકરી ધંધામાં હરીફો સતાવે. નવી જવાબદારી અને સ્થાનફેરથી દોડધામ અને અશાંતિ વધે. ટેક્નોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવું પડશે. આર્થિક ભીંસનો અનુભવ વધે. ઉઘરાણી અટકે. આરોગ્ય નરમ-ગરમ રહે. સમાજમાં સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ- કચેરીમાં વિઘ્નો આવે. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં ચડતી-પડતી રહે. પ્રેમ વિવાહમાં અવરોધ આવે. ઉમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. વિદેશનો કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં વિઘ્નો આવે. મિત્રો-વડીલોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. ડીસેમ્બર-જાન્યુઆરી- ફેબ્રુઆરી, શુક્ર- શનિવાર, 08-17,26 તારીખે નવા કામ કરવો. માર્ચ- એપ્રિલ- બુધવાર- 07,16,25 તારીખે નવા કામ ટાળવો. કાળો અનનીલો રંગ વાપરવો. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતા રહેવું.

# દિલ્હીની બહાર પ્રથમવાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ ગુજરાતમાં યોજાશે

**22 સપ્ટેમ્બરે** કેવડિયામાં ભવ્ય સમારોહનું આયોજન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ભારતીય સિનેમાની 92 પ્રતિભાઓનું સન્માન થશે

ગાંધીનગર: ભારતીય સિનેમાના સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારોમાં સ્થાન ધરાવતા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના ઈતિહાસમાં ગુજરાત હવે એક ઐતિહાસિક અધ્યાય ઉમેરવા જઈ રહ્યું છે. નર્મદા જિલ્લાના વિશ્વવિખ્યાત પ્રવાસન સ્થળ એકતાનગર ખાતે આવેલી સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્ય પૃષ્ઠભૂમિમાં આગામી 22 સપ્ટેમ્બરે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર-2024નો ભવ્ય સમારોહ યોજાશે. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારના સાત દાયકાથી વધુના ઈતિહાસમાં પ્રથમ વખત દિલ્હીની બહાર આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સમારોહનું આયોજન થઈ રહ્યું છે અને તેના માટે ગુજરાતની પસંદગી થતાં સમગ્ર રાજ્ય તેમજ નર્મદા જિલ્લા માટે આ ક્ષણ વિશેષ ગૌરવપૂર્ણ બની છે.

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આયોજિત આ સમારોહમાં ભારતીય સિનેમા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર કુલ 92 પુરસ્કાર વિજેતાઓને ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે સન્માનિત કરવામાં આવશે.

## એક હજાર મહેમાનોની ક્ષમતા ધરાવતું વિશેષ માળખું

રાષ્ટ્રીય કક્ષાના આ પ્રતિષ્ઠિત કાર્યક્રમને અનુરૂપ સ્ટેચ્યુ ઓફ યુનિટી બસ-બે વિસ્તાર ખાતે વિશેષ જર્મન એલ્યુમિનિયમ માળખાનો ગુંબજ તૈયાર કરવામાં આવશે. કાર્યક્રમ સ્થળે આશરે એક હજાર મહેમાનોની બેઠક ક્ષમતા સાથે કાર્યક્રમની ભવ્યતા અને ગરિમાને અનુરૂપ તમામ જરૂરી માળખાકીય તથા અન્ય વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની વૈશ્વિક ઓળખ અને તેની ભવ્ય પૃષ્ઠભૂમિમાં યોજાનાર આ સમારોહ દેશના ફિલ્મ જગતના પ્રતિષ્ઠિત પુરસ્કારને ગુજરાતની પ્રવાસન ઓળખ સાથે જોડશે.

## જિલ્લા તંત્ર દ્વારા તૈયારીઓનો ધમધમાટ

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જેવા અતિમહત્ત્વપૂર્ણ કાર્યક્રમનું સુચારૂ, સલામત અને સંપૂર્ણ ગરિમા સાથે આયોજન થાય તે માટે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા કલેક્ટર ગંગા સિંઘની અધ્યક્ષતામાં યોજાયેલી મહત્ત્વપૂર્ણ બેઠકમાં કાર્યક્રમની વ્યવસ્થા, સુરક્ષા, પ્રોટોકોલ, મહાનુભાવોના આગમન અને પ્રસ્થાન, કાર્યક્રમ સ્થળની વ્યવસ્થા સહિતની વિવિધ તૈયારીઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.